For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અમદાવાદથી રામોલ પોલીસે અટકાયત કરી સંખેડા પોલીસને સોંપ્યા

આખરે દારૂના કેસમાં કોંગ્રેસ કાઉન્સિલર આશિષ જોષીની ધરપકડ, રાજકીય પ્રેરિત FIR કર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ-15ના કોંગ્રેસના કાઉન્સિલર આશિષ જોષીની પ્રોહીબીશનના ગુનામાં ધરપકડ કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે સંખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં તેમનું નામ ખુલતા આખરે અમદાવાદથી તેમની અટકાયત કરવામાં આવી હતી.

માહિતી મુજબ આશિષ જોષી અમદાવાદ ખાતે હાજર હતા ત્યારે રામોલ પોલીસે તેમની અટકાયત કરી હતી. ત્યારબાદ તેમને સંખેડા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંખેડા પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

રાજકીય રીતે મહત્વપૂર્ણ ગણાતી વોર્ડ-15ની બેઠકની ચૂંટણી તે સમયે ડભોઈના ધારાસભ્ય માટે વર્ચસ્વની લડાઈ તરીકે જોવામાં આવતી હતી. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે આશિષ જોષીએ જીત મેળવી હતી, જેના કારણે તેમનું નામ સતત રાજકીય ચર્ચાના કેન્દ્રમાં રહ્યું છે.

બીજી તરફ આશિષ જોષીએ પોતાના વિરુદ્ધ નોંધાયેલી FIRને ખોટી, ઉપજાવી કાઢેલી અને રાજકીય પ્રેરિત ગણાવી ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે સમગ્ર મામલે રાજ્યના મુખ્યમંત્રી, ગૃહમંત્રી, પોલીસ મહાનિર્દેશક (DGP) તેમજ જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી નિષ્પક્ષ તપાસની માંગ કરી હોવાનું સામે આવ્યું છે. હાલ સમગ્ર મામલે સંખેડા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે, જ્યારે રાજકીય વર્તુળોમાં આ કાર્યવાહી અંગે વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે.

સંખેડા પોલીસ મથકે નેતાઓની ભીડ

આશિષ જોષીને સંખેડા લાવવામાં આવતાની સાથે જ વડોદરા શહેર અને જિલ્લાના કોંગ્રેસના અગ્રણીઓ સંખેડા પોલીસ મથકે પહોંચ્યા હતા. પોતાના સાથી નેતાની ધરપકડના સમાચાર વાયુવેગે ફેલાતા કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. પોલીસ મથક પરિસરમાં રાજકીય નેતાઓની હાજરીને જોતા સુરક્ષા વ્યવસ્થા પણ સઘન બનાવી દેવામાં આવી છે.ત્યારે બીજી બાજુ એક ચૂંટાયેલા પ્રતિનિધિની આવી રીતે ધરપકડ થતા આગામી દિવસોમાં વડોદરાના રાજકારણમાં આ મુદ્દો ભાજપ-કોંગ્રેસ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનું કેન્દ્ર બને તેવી પૂરેપૂરી શક્યતા છે.

પ્રથમ સામાન્ય સભા પૂર્વે જ કાર્યવાહીને હિતેશ ગુપ્તાએ 'રાજકીય કાવતરું' ગણાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ શહેરનું રાજકીય વાતાવરણ ફરી ગરમાયું છે. વોર્ડ નં. 15માંથી કોંગ્રેસના વિજેતા કાઉન્સિલર આશિષ જોશીની અમદાવાદથી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. ચૂંટણી દરમિયાન નોંધાયેલી પ્રોહિબિશનની ફરિયાદના આધારે કાર્યવાહી કરાઈ હોવાનું કહેવાય છે, જ્યારે તેમના વકીલ હિતેશ ગુપ્તાએ તેને રાજકીય ષડયંત્ર ગણાવ્યું છે. વકીલના જણાવ્યા મુજબ, વડોદરા મહાનગર સેવા સદનની આવનારી પ્રથમ સામાન્ય સભામાં આશિષ જોશી હાજર રહી ન શકે તે માટે જાણબૂઝીને આ સમયે ધરપકડ કરવામાં આવી છે. વિપક્ષના મજબૂત અવાજને ગૃહની કાર્યવાહીથી દૂર રાખવાનો પ્રયાસ હોવાનું પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

પ્રથમ સભામાં ગેરહાજર રહેવાથી સભ્યપદે રદ થતું નથી : ચિંતન દેસાઈ

આ દરમિયાન એવી અટકળો ફેલાઈ હતી કે પ્રથમ સામાન્ય સભામાં ગેરહાજરીના કારણે આશિષ જોશીનું સભ્યપદ રદ થઈ શકે છે. જોકે, કોર્પોરેશન સેક્રેટરી ચિંતન દેસાઈએ સ્પષ્ટતા કરી હતી કે GPMC એક્ટ મુજબ સતત ત્રણ સામાન્ય સભામાં પૂર્વ મંજૂરી વિના ગેરહાજર રહેવાથી જ સભ્યપદ જોખમમાં મુકાઈ શકે છે. પ્રથમ બેઠકમાં ગેરહાજરીથી સભ્યપદ રદ થતું નથી. તેમણે ઉમેર્યું હતું કે, કોર્ટની મંજૂરીથી પોલીસ જાપ્તા હેઠળ પણ સભ્ય સભામાં હાજરી આપી શકે છે.

આશિષ જોશીના એક દિવસના રિમાન્ડ પર

હાલમાં સંખેડા પોલીસે આશિષ જોષીનો કબજો મેળવીને આ દારૂના નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ રેકેટમાં અન્ય કયા મોટા માથાઓની સંડોવણી છે અને દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો. એક બાજુ પોલીસ કાયદાકીય તપાસ કરી રહી છે, આશિષ જોશીની વધુ પૂછપરછ કરવા માટે સંખેડા પોલીસે તેને કોર્ટમાં રજૂ કર્યું ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી ત્યારે કોટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

આશિષ જોષીનો ફોન FSLમાં મોકલાશે

સંખેડા તરફથી ઝડપાયેલા દારૂના ગુનામાં પોલીસે કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોશીની ધરપકડ કરી છે ત્યારે દારૂ સાથે ઝડપાયેલા આરોપીના મોબાઈલ માંથી આશિષ જોશીના સંપર્ક મળ્યા હતા. વધુ કેટ કેટલી વાર બુટલેગર સાથે સંપર્કમાં રહીને આશિષ જોષીએ વાત કરી છે. તેની ડિટેલ મેળવવા માટે પોલીસ કોર્પોરેટર નો મોબાઇલ કબજે કરીને એફએસએલમાં પણ મોકલશો

લોકશાહીનું ખૂન અને બદલાની રાજનીતિ

આશિષ જોશીની ધરપકડને કોંગ્રેસે રાજકીય ષડયંત્ર ગણાવી ભાજપ સરકાર અને પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. હરણીકાંડના પીડિતોને ન્યાય અપાવવા અવાજ ઉઠાવનાર જનપ્રતિનિધિને નિશાન બનાવાયો હોવાનો આક્ષેપ કરી, દારૂ સપ્લાયની મૂળ તપાસ કેમ થતી નથી તેવો સવાલ પણ ઉઠાવ્યો છે.

આમને-સામને

ગુનાહિત ઇતિહાસ ધરાવતા લોકો માટે કાયદો સમાન છે

વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો.જયપ્રકાશ સોનીએ જણાવ્યું કે ભાજપ બદલાની રાજનીતિમાં માનતું નથી અને કાયદો દરેક માટે સમાન છે. જો પોલીસ પુરાવા આધારે કાર્યવાહી કરતી હોય તો તેને રાજકીય રંગ આપવો કોંગ્રેસની હતાશા દર્શાવે છે. તેમણે કહ્યું કે પોલીસ સ્વતંત્ર તપાસ કરી રહી છે અને સત્ય ટૂંક સમયમાં બહાર આવશે.

ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં જિલ્લા પર મંથન કરવામાં આવ્યું

વડોદરાના નવા સુકાનીઓની તૈયારી ભાજપ પાર્લામેન્ટરીનો બીજો તબક્કો પુરો

મેયર, ડેપ્યુટી મેયર અને ચેરમેન પદ માટે નિરીક્ષકોની પેનલ પર ગહન ચર્ચા, કાર્યકરોમાં ભારે ઉત્તેજના

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના નવા હોદ્દેદારોની નિમણૂક માટેની પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. ગાંધીનગર ખાતે મળેલી ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકના બીજા તબક્કાના અંતિમ દિવસે મહત્વના જિલ્લાઓ પર મંથન કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, વડોદરા અને મોરબી જિલ્લાઓ માટેની વિચારણા અગાઉ જ પૂર્ણ કરી લેવામાં આવી છે.

અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા અને સૌરાષ્ટ્રના પ્રવાસને કારણે કેટલાક વિસ્તારોની સુનાવણી મુલતવી રાખવામાં આવી હતી. આ પ્રવાસ બાદ બીજા તબક્કામાં વડોદરા સહિતના બાકી રહેલા વિસ્તારો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકા માટે મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જેવા મહત્વના પદો માટે નિરીક્ષકો દ્વારા ત્રણ-ત્રણ નામોની પેનલ રજૂ કરવામાં આવી છે. પાર્લામેન્ટરી બોર્ડે આ નામો પર જ્ઞાતિ-જાતિના સમીકરણો અને ઉમેદવારની સક્ષમતાને ધ્યાનમાં રાખીને ગહન મંથન કર્યું છે.

બેઠકમાં જામનગર, ભાવનગર, પોરબંદર, મોરબી, રાજકોટ અને ગીર સોમનાથ જેવા જિલ્લાઓના હોદ્દેદારો અંગે પણ વિચારણા કરવામાં આવી હતી. ભાજપ હાઈકમાન્ડ દ્વારા દરેક પદ માટે યોગ્ય અને સક્ષમ ઉમેદવારની પસંદગી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી આવનારા સમયમાં વહીવટી કામગીરી સુદ્રઢ બની રહે. ખાસ કરીને મહાનગરોમાં મેયર પદ માટે સામાજિક સમીકરણો સેટ કરવા માટે પાર્લામેન્ટરી બોર્ડ ફરી એકવાર બેઠક યોજે તેવી પણ સંભાવના છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસમાં તમામ નામો નક્કી કરી દેવામાં આવશે અને ત્યારબાદ પ્રદેશ ભાજપ દ્વારા તમામ નામોની જાહેરાત એકસાથે કરવામાં આવી શકે છે. આ આયોજન મુજબ, રાજ્યભરના તમામ નવા વરાયેલા હોદ્દેદારો 21 મે સુધીમાં વિધિવત રીતે પોતાનું પદ ગ્રહણ કરી લે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ સાથે જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નવા નેતૃત્વનો માર્ગ મોકળો થશે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પરાજયને પગલે આગેવાનોને હાઈકમાન્ડનું તેડું

ટિકિટ વેચાણના ગંભીર આક્ષેપો અને આંતરકલહ વચ્ચે ઋત્વિક જોષીની હકાલપટ્ટીના સંકેતો

નેતાઓ દિલ્હી દરબારમાં, વડોદરા પ્રમુખની ખુરશી ડગમગી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના નબળા પ્રદર્શન બાદ પક્ષમાં આંતરિક અસંતોષ વધી રહ્યો છે. તાલુકા-જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં થયેલા પરાજય બાદ હવે ગુજરાત કોંગ્રેસના નેતાઓ હાઈકમાન્ડ સમક્ષ સ્થિતિ રજૂ કરવા દિલ્હી પહોંચ્યા છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી છેલ્લા બે દિવસથી દિલ્હીમાં છે. હાઈકમાન્ડ સાથે બેઠક ગુરુવાર બાદ યોજાય તેવી શક્યતા છે.

ટિકિટ વિતરણમાં 'વ્હાલા-દવલા'ની નીતિ નડી

કોંગ્રેસની હારનું એક મુખ્ય કારણ ટિકિટ વિતરણમાં થયેલી ગેરરીતિ માનવામાં આવે છે. જિલ્લા અને તાલુકા સ્તરેથી સર્વસંમતિથી જે પેનલ બનાવીને પ્રદેશ નેતાગીરીને મોકલવામાં આવી હતી, તેને બાજુ પર મૂકીને છેલ્લી ઘડીએ 'ઉપરથી' નામ નક્કી કરવામાં આવ્યા હોવાની ચર્ચા છે. વડોદરા સહિતના શહેરોમાં પક્ષના વફાદાર કાર્યકરોને બદલે અન્ય સમીકરણોને પ્રાધાન્ય અપાતા પક્ષે સંગઠિત શક્તિ ગુમાવી છે.

ચૂંટણી પરિણામોની સમીક્ષા દરમિયાન સ્પષ્ટ બન્યું છે કે ભાજપ સરકાર સામે રહેલા એન્ટી-ઈન્કમ્બન્સી માહોલનો લાભ કોંગ્રેસ લઈ શકી નથી. શહેરી વિસ્તારોમાં નબળું સંગઠન અને ગ્રામ્ય વિસ્તારોમાં ટિકિટ ફાળવણીને લઈને ઊભેલા વિવાદો પક્ષને ભારે પડ્યા હોવાનું માનવામાં આવે છે. હાઈકમાન્ડ સમક્ષ રજૂ થનારા અહેવાલમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વડોદરામાં ટિકિટ વિતરણ મુદ્દે સૌથી વધુ વિવાદ થયો છે. કાર્યકરોએ શહેર પ્રમુખ ઋત્વિક જોશી સામે પોતાના માનીતાઓને ટિકિટ આપવાના આક્ષેપ કર્યા છે. આ મુદ્દે હાઈકમાન્ડ સુધી રજૂઆત કરી તેમને પદ પરથી દૂર કરવાની માંગ ઉઠી છે.

હવે દિલ્હીમાં યોજાનારી બેઠક પર સૌની નજર છે. હાઈકમાન્ડ કડક નિર્ણય લેશે તો ગુજરાત કોંગ્રેસ અને ખાસ કરીને વડોદરા સંગઠનમાં મોટા ફેરફારો થઈ શકે છે.

NEET પેપર લીક મામલો વડોદરામાં યુથ કોંગ્રેસનો વિરોધ

શિક્ષા મંત્રીના રાજીનામાની માંગ, 10 કાર્યકરોની અટકાયત

પોલીસે કાર્યકરોની ટીંગાટોળી કરી ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

નીટ પરીક્ષાનું પેપર લીક થવાના મુદ્દે વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દેશના શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે કાર્યકરોએ દેખાવો કર્યા હતા, જે દરમિયાન પોલીસે 10 કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી.

સમગ્ર દેશમાં 22 લાખ યુવાઓએ નીટની પરીક્ષા આપી હતી. જે પેપર લીક થવાના કારણે રદ કરવામાં આવી હતી. યુથ કોંગ્રેસનો આક્ષેપ છે કે પોલીસ તપાસમાં આ પેપર લીક ભારતીય જનતા પાર્ટીના નેતા દિનેશ બીવાલ દ્વારા કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. આ મુદ્દે યુવાઓના ભવિષ્ય સાથે ખિલવાડ કરનારા ભાજપના નેતાઓને જેલભેગા કરવાની માંગ સાથે યુથ કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો હતો. કાર્યકરોએ શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની પણ માંગ કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે યુથ કોંગ્રેસ પ્રમુખ પવન ગુપ્તા, નિખિલ સોલંકી, વરુણ માળી, ઉમંગ સોલંકી, અમાન સૈયદ, શિવમ લુહાર સહિત અન્ય 5 કાર્યકરોની ધરપકડ કરી હતી. યુથ કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે 22 લાખ વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફરી વળ્યું છે અને આ માટે જવાબદારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

ફરી એકવાર પારો 43 ડિગ્રીને પાર, 19 મે બાદ રાહતના સંકેત

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરા શહેરમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. ગુરુવારે શહેરમાં મહત્તમ તાપમાન 43.2 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે, લઘુત્તમ તાપમાન 29.2 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 47 ટકા અને સાંજે 18 ટકા નોંધાયું હતું. ગરમ અને ભેજયુક્ત પવનને કારણે બફારાનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી બે દિવસમાં રાજ્યના અંદરના વિસ્તારોમાં તાપમાન 41થી 45 ડિગ્રી પહોંચી શકે છે. જોકે 48 કલાક બાદ પવનની દિશામાં ફેરફારની શક્યતાને પગલે તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. 19 મે બાદ વડોદરા સહિત રાજ્યમાં ગરમીનો પારો ઘટે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. આ વર્ષે ચોમાસાની શરૂઆત પહેલાં જ પૂર્વ-ચોમાસાની હવામાન પ્રવૃત્તિ જોવા મળી રહી છે. દક્ષિણ બંગાળની ખાડી અને આંદામાન અને નિકોબાર ક્ષેત્રમાં ચોમાસાની પ્રવૃત્તિના પ્રારંભિક સંકેતોએ સમગ્ર દક્ષિણ ભારતમાં હવામાન પરિસ્થિતિઓમાં ઝડપથી ફેરફાર કર્યા છે.

લગ્ન બાદ રૂ.25 લાખની માંગણી, નહીં લાવે તો પતિના બીજા લગ્નની ધમકી

દહેજના દૂષણે વધૂ એકનો જીવ લીધો સોમાતળાવ વિસ્તારમા પરીણિતાનો આપઘાત

પતિ સહિત સાસરીયાઓ સામે કાર્યવાહી કરવા મૃતક ભાઈએ પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરાના સોમાતળાવ વિસ્તારમાં રહેતી પરિણીતા મમતાસિંહના રહસ્યમય મોત બાદ તેના પતિ, સાસુ અને સસરા સામે દહેજ માટે ત્રાસ, મારઝૂડ અને માનસિક હેરાનગતિના ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાઈ છે. પરિણીતાના ભાઈએ આક્ષેપ કર્યો છે કે, લગ્ન બાદ સતત વધુ દહેજની માંગણી કરવામાં આવતી હતી અને પરિણીતાને શારીરિક તેમજ માનસિક રીતે હેરાન કરવામાં આવતી હતી.

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર જિલ્લાના શિવરાજપુર ગામે રહેતા વિશ્વપ્રતાપસિંહ છત્રપતિસિંહ સિંઘે જણાવ્યું હતું કે, તેમની બહેન મમતાસિંહના લગ્ન 26 જાન્યુઆરી 2025ના રોજ વડોદરાના સોમાતળાવ વિસ્તારમાં રહેતા આશુતોષ મુકેશભાઈ ઠાકોર સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. લગ્ન પ્રસંગે દહેજરૂપે રોકડ રકમ, સોનાના દાગીના, ડાયમંડ રીંગ તેમજ એમ.જી. હેક્ટર પ્લસ કાર ખરીદવા માટે મળીને લાખો રૂપિયાનું કરીયાવર આપવામાં આવ્યું હતું. પરંતુ લગ્ન પછી મમતાસિંહને તેના પતિ આશુતોષ, સાસુ આરતીબેન અને સસરા મુકેશભાઈ દ્વારા વધુ રૂ.25 લાખ લાવવા માટે દબાણ કરવામાં આવતું હોવાનું જણાવાયું છે. રૂપિયા ન લાવે તો છૂટાછેડા કરાવી દેવાની તેમજ પતિએ અન્ય યુવતી સાથે સંબંધ હોવાનું કહી બીજા લગ્ન કરવાની ધમકી આપતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, પરિણીતાને અવારનવાર મારઝૂડ કરવામાં આવતી હતી, નાની-મોટી બાબતે અપમાનિત કરવામાં આવતી હતી તેમજ ક્યારેક ખાવાનું પણ આપવામાં આવતું ન હતું. મમતાસિંહે અનેક વખત ફોન પર પોતાની માતા અને ભાઈ-બહેનોને સાસરીયાઓ દ્વારા થતા ત્રાસ અંગે જાણ કરી હતી. તેમ છતાં પરિવારજનોએ સમાજમાં આબરૂ જળવાઈ રહે તે હેતુથી સમાધાનનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન તા.09 મે 2026ના રોજ સવારે મમતાસિંહના સસરા મુકેશભાઈએ ફોન કરીને તેની તબિયત બગડતા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હોવાનું અને ડોક્ટરે મૃત જાહેર કરી હોવાનું જણાવ્યું હતું. પરિવારજનો વડોદરા પહોંચ્યા બાદ મમતાસિંહનો મૃતદેહ એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. પોસ્ટમોર્ટમ બાદ ગાજરાવાડી રામનાથ સ્મશાન ખાતે અંતિમવિધિ કરવામાં આવી હતી. પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, લગ્ન બાદથી જ મમતાસિંહને વધુ દહેજ માટે સતત ત્રાસ આપવામાં આવતો હતો.

ગુજરાતમાં વ્યાયામ શિક્ષકોની 1141 જગ્યાઓ પર મેગા ભરતી

SAT મેરિટથી સીધી નિમણૂક, શાળાઓમાં શારીરિક શિક્ષણને મળશે વેગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે મહત્વનો નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે 1141 વ્યાયામ શિક્ષકોની સીધી ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીથી રાજ્યમાં શારીરિક શિક્ષણનું સ્તર ઊંચું લાવવાનો સરકારનો પ્રયાસ છે.

ઉમેદવારોની પસંદગી રાજ્ય સ્તરીય શિક્ષક અભિરુચિ કસોટી સેટના મેરિટના આધારે કરવામાં આવશે. આ માટે અલગથી કોઈ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે નહીં. જે ઉમેદવારોએ એસએટી પાસ કરેલી હશે અને વ્યાયામ શિક્ષકની લાયકાત ધરાવતા હશે તેઓ મેરિટ મુજબ પસંદગી પામશે. રાજ્યની સરકારી શાળાઓમાં છેલ્લા ઘણા વર્ષોથી વ્યાયામ શિક્ષકોની મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી પડી હતી. નવી શિક્ષણ નીતિનો અમલ નેપ 2020 અંતર્ગત શારીરિક શિક્ષણ અને રમત-ગમતને અભ્યાસક્રમનો ફરજિયાત ભાગ બનાવાયો છે.

વિદ્યાર્થી ઓનો સર્વાંગી વિકાસ જેમાં પ્રશિક્ષિત શિક્ષકો મળવાથી વિદ્યાર્થીઓનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધરશે અને રમતગમતમાં રાજ્યનું પ્રતિનિધિત્વ વધશે. શિક્ષણ વિભાગ દ્વારા ભરતી માટેની વિગતવાર જાહેરાત, લાયકાત, વયમર્યાદા અને ઓનલાઈન અરજીની તારીખો ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. ઉમેદવારોને સત્તાવાર વેબસાઈટ પર નજર રાખવા અપીલ કરવામાં આવી છે.

રાજ્યના યુવાનો માટે રોજગારીની મોટી તક સર્જાતા શારીરિક શિક્ષણ સાથે સંકળાયેલા હજારો ટેટ-સેટ પાસ ઉમેદવારોમાં ખુશીની લહેર જોવા મળી છે.

ગુજરાતમિત્રના અહેવાલની અસર સયાજી હોસ્પિટલ તંત્ર સફાળું જાગ્યું, દર્દીઓને ગરમીથી મળી રાહત

સીટી સ્કેન અને એક્સ-રે વિભાગમાં આખરે એર કૂલર મુકાયા

ગુજરાતમિત્ર અખબારના અહેવાલને પગલે સયાજી હોસ્પિટલના વહીવટી તંત્રે પોતાની ભૂલ સુધારી

(પ્રતિનિધિ) વડોદરા. તા.14

વડોદરાની સર સયાજીરાવ જનરલ હોસ્પિટલમાં સુવિધાઓના અભાવે દર્દીઓ અને તેમના સ્વજનો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. આ મુદ્દે 'ગુજરાતમિત્ર' દ્વારા અહેવાલ પ્રસિદ્ધ થતાં હોસ્પિટલ તંત્ર હરકતમાં આવ્યું છે. હોસ્પિટલના મહત્વના એવા સીટી સ્કેન, એક્સ-રે અને સોનોગ્રાફી વિભાગના પ્રતીક્ષા ખંડમાં આજે એર-કૂલર કાર્યરત કરવામાં આવ્યા હતા, જેના કારણે દર્દીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ સતત વધી રહ્યો છે. બપોરના સમયે તાપમાન 43 ડિગ્રીની આસપાસ પહોંચી જતા સામાન્ય જનજીવન પણ પ્રભાવિત બન્યું છે. આવી સ્થિતિમાં હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ, વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે ગરમી વધુ કંટાળાજનક બની રહી હતી. વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ તંત્રએ થોડા દિવસો પહેલા 50 જેટલા એર-કૂલર ભાડે લીધા હોવાનો દાવો કર્યો હતો. છતાં પણ સૌથી વધુ ભીડ ધરાવતા સીટી સ્કેન અને એક્સ-રે વિભાગમાં દર્દીઓ માટે માત્ર એક જ પંખાની વ્યવસ્થા હતી. પરિણામે દર્દીઓ અને તેમના પરિવારજનોને પરસેવે રેબઝેબ હાલતમાં લાંબા સમય સુધી કતારમાં ઊભા રહેવું પડતું હતું.

ખાસ કરીને સવારે વહેલી કલાકોથી જ દર્દીઓની લાંબી કતારો લાગી જતી હતી. ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓ માટે ગરમીમાં કલાકો સુધી રાહ જોવી અત્યંત મુશ્કેલ બની રહી હતી. કેટલાક દર્દીઓના સ્વજનો પાણીની બોટલ અને હાથ પંખા લઈને દર્દીઓને રાહત આપવા પ્રયાસ કરતા જોવા મળતા હતા. હોસ્પિટલ જેવી સંવેદનશીલ જગ્યાએ આવી પ્રાથમિક સુવિધાનો અભાવ હોવા અંગે લોકોમાં પણ ભારે નારાજગી જોવા મળી હતી.

'ગુજરાતમિત્ર' દ્વારા આ વિરોધાભાસી પરિસ્થિતિ અને દર્દીઓની મુશ્કેલીને પ્રાથમિકતા આપી અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. અહેવાલ બાદ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક દોડતા થયા હતા અને સીટી સ્કેન વિભાગ ઉપરાંત એક્સ-રે તથા સોનોગ્રાફી વિભાગના પ્રતીક્ષા ખંડમાં પણ કૂલર મુકાવાયા હતા. સાથે જ અન્ય વિભાગોમાં હવા-ઉજાસ અને ઠંડકની વ્યવસ્થાની પણ ચકાસણી હાથ ધરાઈ હતી. સારવાર માટે આવેલા એક દર્દીના પરિજનના જણાવ્યા અનુસાર, અગાઉ ગરમીમાં અહીં ઊભા રહેવું અત્યંત મુશ્કેલ બનતું હતું, પરંતુ હવે કૂલર શરૂ થતાં ઘણી રાહત અનુભવાઈ રહી છે.

ગુજરાત પોલીસમાં હવે કરકસર અભિયાન

પાયલોટિંગ મર્યાદિત, વીડિયો કોન્ફરન્સ અને જાહેર પરિવહનના ઉપયોગ પર ભાર

ઈંધણ બચત અને ટેક્નોલોજીના ઉપયોગ માટે ડીજીપીના કડક નિર્દેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઈંધણ બચત, કાર પુલિંગ અને જાહેર પરિવહનના વધુ ઉપયોગ અંગે કરાયેલી અપીલ બાદ ગુજરાત પોલીસ તંત્રમાં પણ ખર્ચ બચત અને સંસાધનોના કરકસરયુક્ત ઉપયોગ તરફ મહત્વપૂર્ણ પગલાં ભરવામાં આવ્યા છે. રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવે તમામ શહેર અને જિલ્લા પોલીસ વડાઓ સાથે યોજાયેલી વીડિયો કોન્ફરન્સ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ સૂચનાઓ આપી હતી.

ડીજીપી દ્વારા જણાવાયું હતું કે હવે એસ્કોર્ટ અને પાયલોટિંગની સુવિધા માત્ર નિર્ધારિત કેટેગરીના મહાનુભાવોને જ આપવામાં આવશે. સામાન્ય પરિસ્થિતિમાં ગાઈડ કાર અથવા પાયલોટિંગ ટાળવા અને અનિવાર્ય સંજોગોમાં શહેર વિસ્તારમાં મોટરબાઈક તથા હાઈવે પર ફોર-વ્હીલરનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે.

કોર્ટ સંબંધિત કામગીરીમાં પણ હવે ડિજિટલ પદ્ધતિ અપનાવવા ભાર મૂકાયો છે. સરકારી વકીલ સાથે રૂબરૂ બેઠકને બદલે ટેલિફોનિક અથવા અન્ય ઓનલાઈન માધ્યમથી ચર્ચા કરવાની રહેશે. 'ન્યાયશ્રુતિ' પ્રોજેક્ટ અંતર્ગત વીડિયો કોન્ફરન્સ મારફતે સાક્ષી અને જુબાની નોંધવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવા પણ નિર્દેશ આપવામાં આવ્યા છે.

વહીવટી બેઠકો, ક્રાઈમ કોન્ફરન્સ અને સુપરવિઝન ચર્ચાઓ હવે વધુમાં વધુ ઓનલાઈન યોજવા જણાવાયું છે. તપાસ અધિકારીઓ અને સુપરવિઝન અધિકારીઓ વચ્ચેની ચર્ચા પણ ટેલિફોનિક માધ્યમથી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે.

બંદોબસ્ત દરમિયાન નજીકના પોલીસ સ્ટેશનમાંથી જ ફોર્સ ફાળવવી, સ્ટાફ માટે નિશ્ચિત પીક-અપ પોઈન્ટ નક્કી કરવા તેમજ શક્ય હોય ત્યાં સુધી એક જ વાહનમાં મુસાફરી અથવા જાહેર પરિવહનનો ઉપયોગ કરવા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.